**<u>વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત</u>**

**અનુ.જનજાતિની ૧૨ આશ્રમશાળાઓને અપગ્રેડ કરી માદયમિક શાળા (સામાન્ય પ્રવાહ) ધોરણ-૧૦નો વર્ગ શરૂ કરવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **અમશ/૨૦૧૬-૧૭/ન.બા.૨/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૯/૦૪/૨૦૧૬

<u>વંચાણે લીધા</u> :-

(૧) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસનો તા.૦૩/૧૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક:

(૧) આવિ/આશા/૨/ ફા.નં.૧૯૩૧/૨૦૧૫-૧૬/૩૩૦૪ થી ૩૩૦૫

(૨) આવિ/આશા/૨/ ફા.નં.૧૯૩૦/૨૦૧૫-૧૬/૩૩૦૬ થી ૩૩૦૭

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૦૭/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: પરચ /૧૦૨૦૧૩/ ન.બા.૧૫/ઘ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૩/૦૮/૨૦૧૫નો સુધારા ઠરાવ ક્રમાંક: પરચ/ ૧૦૨૦૧૩/ ન.બા.૧૫/ઘ

<u>પ્રસ્તાવના</u> :-

રાજયમાં આદિજાતિના વિધાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધે અને અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઉંચુ આવે તે હેતુથી રાજય સરકારે ૧૯૫૩-૫૪ થી આશ્રમશાળા યોજના શરૂ કરેલ છે. જેમાં બાળકોને રહેવા તથા જમવાની સગવડ સાથે શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવે છે. પરંતુ આદિજાતિની મહત્તમ વસ્તી રાજયના અંતરિયાળ અને ડુંગરાળ પ્રદેશમાં વસવાટ કરતી હોઇ ઉંડાણ વાળા ગામડાઓમાં હજુ પણ શિક્ષણની સુવિધા ન હોઇ બાળકોને દૂરની શાળાઓમાં જવુ પડે છે. જે આર્થિક રીતે પોષાય તેમ ન હોઇ અભ્યાસ છોડી દેવો પડે છે. અંતરીયાળ અને ડુંગરાળ આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી આદિજતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ૧૬ આશ્રમશાળાઓમાં ધોરણ-૯ (સામાન્ય પ્રવાહ)ના

વર્ગ શરૂ કરવા વંચાણે લીધા ક્રમાંક-૨ના ઠરાવથી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૧)ની દરખાસ્ત અન્વયે ધોરણ-૧૦નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે નીચેની યાદી મુજબની ૧૨ આશ્રમશાળાઓમાં ધોરણ-૧૦નો ક્રમિક વર્ગ શરૂ કરવા માટે શાળા દીઠ ૧ (એક) લેખે કુલ ૧૨ શિક્ષણ સહાયકની જગ્યાઓ રૂ.૩૫૦૦/-ના ફિક્સ પગારથી ઉભી કરવા તેમજ છાત્રોદીઠ નિભાવ ખર્ચ સહિતની રૂ.૭૭.૦૪ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે

| ક્રમ | પૂર્ણ વિકસિત આશ્રમશાળાની સંચાલક સંસ્થાનું નામ / સરનામુ | આશ્રમશાળાનું નામ |
|---|---|---|
| ૧ | જય માં ગાયત્રી કેળવણી મંડળ તરવાડીયાભાવ, તા.જી.દાહોદ | આશ્રમશાળા તરવાડીયાભાવ, જી.તા.દાહોદ |
| ૨ | પંચમહાલ જીલ્લા ખેડુત કેળવણી મંડળ લીમખેડા, તા.લીમખેડા, જી.દાહોદ | આશ્રમશાળા સેવનીયા, તા.દેવગઢબારીયા, જી.દાહોદ |
| ૩ | ગાયત્રીકૃપા આદિવાસી યુવક મંડળ કરવાઇકંપા, તા.કડાણા, જી.મહિસાગર | આશ્રમશાળા કરવાઇકંપા, તા.કડાણા, જી.મહિસાગર |
| ૪ | શ્રી રામવનવાસી યુવક મંડળ ખલતા ગરબડી, તા.ધાનપુર | આશ્રમશાળા પાનમ, તા.ધાનપુર, જી.દાહોદ |
| ૫ | આદિવાસી વિનિમય ટ્રસ્ટ પાનમ, તા.ધાનપુર, જી.દાહોદ | આશ્રમશાળા ગુમલી, તા.ધાનપુર, જી.દાહોદ |
| ૬ | પંચમહાલ આદિવાસી વિકાસ યુવક મંડળ ઢાલસીમલ, તા.ઝાલોદ, જી.દાહોદ | આશ્રમશાળા ઢાલસીમલ, તા.ઝાલોદ, જી.દાહોદ |
| ૭ | શ્રી ગીરીજન ખાદી ગ્રામોદ્યોગ સેવા સંઘ, ખેડબ્રહ્મા, તા.ખેડબ્રહ્મા, જી.સાબરકાંઠા | આશ્રમશાળા વદરી, તા.વિજયનગર, જી.સાબરકાંઠા |
| ૮ | શ્રી વનવાસી કેળવણી મંડળ, કોટડા, તા.પોશીના, જી.સાબરકાંઠા | આશ્રમશાળા દાંતિયા, તા.પોશીના, જી.સાબરકાંઠા |
| ૯ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા | આશ્રમશાળા ટુંડીયા ચાર રસ્તા, તા.દાંતા, જી.બનાસકાંઠા |

| | | |
|---|---|---|
| ૧૦ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા, સ્થળ : ગોરાડ | આશ્રમશાળા ગોરાડ, તા.દાંતા, જી.બનાસકાંઠા |
| ૧૧ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા, સ્થળ : કુંવારસી | આશ્રમશાળા કુંવારસી, તા.દાંતા, જી.બનાસકાંઠા |
| ૧૨ | શ્રી વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા, સ્થળ : વાઘડાચા | આશ્રમશાળા વાઘડીયા, તા.દાંતા, જી.બનાસકાંઠા |

**<u>શરતોઃ-</u>**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૭) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૮) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૯) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક-૯૬ આયોજન, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, (૧૦) વીકેવાય-૧૭૬ આશ્રમશાળાઓ, બાબત નં. : (૨૯) ૧૨ આશ્રમશાળાઓ ખાતે ધોરણ-૧૦નો વર્ગ શરૂ કરવા હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૦૭/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયોતિ કે.પટેલ)
સંયુકત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવ/ઉપ સચિવ,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.